# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**
**CIN:U40102GJ2003SGC042908**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૧/ક્વા-૦૧/૨૦૨૦-૨૧/૦૭ તા. ૧૮/૦૮/૨૦૨૦

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No. PG– ૦૧/ક્વા-૦૧/૨૦-૨૧

અરજદાર: શ્રી ઘોડાસરા ભોવાનભાઇ ગોરધનભાઈ ગામ: કોયલી
સબડીવીઝન: વંથલી

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જુનાગઢ-૨

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રીમતી નીતીનાબેન એચ. જોશી |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી,જુનાગઢ
તારીખ: બુધવાર (૨૯.૦૭.૨૦૨૦)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૯.૦૭.૨૦ (બુધવાર)નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે હાલમાં વીજ કંપની એ તેઓના એક ના જ કનેક્શન માટે ટી.સી. આપેલ છે. હાલમાં બે ત્રણ દિવસ પહેલા તેઓ દવાખાનાના કામ માટે રાજકોટ ગયેલા હતા.તે દરમિયાન તેઓની ગેરહાજરીમાં તેઓને વિશ્વાસમાં લીધા વિના તેઓનું ટી.સી.કાઢી અને મોટું ટી.સી.નાખી અને તેઓની બાજુવાળાને વિજજોડાણ બીજેથી ચાલુ જ હતું.તેમ છતાં તેઓના જોડાણ માંથી તેઓના ટી.સી. માંથી આપેલ છે.અને તેઓના ખેતરને મોટું નુકશાન થયેલ છે. અને જ્યારે કંપની દ્વારા ટી.સી. રીપેર કરવામાં આવે ત્યારે

માથાકૂટ થાય છે તો તેઓને કંપની દ્વારા યોગ્ય રીતે પાવર આપવા વિનતી સાથે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારશ્રી ની લેખીત રજૂઆત મુજબ શ્રી ઘોડાસરા ભોવાનભાઇ ગોરધનભાઈ ના નામ થી ગ્રા.નં. ૮૮૭૧૦/૦૧૩૮૦/૬ થી ૫.૦ H.P. ખેતીવાડી વીજ જોડાણ તા.૧૦.૧૦.૨૦૧૬ ના ૧૦ KVA નું ટી.સી. ૧૧ કે.વી.કોયલી ફિડર માથી વીજ પુરવઠો આપવામાં આવેલ છે.

૩.૧ ૧૧ કે.વી. કોયલી ફીડરમાં ખુબજ ભારણ હોવાથી તેમજ ૧૫૦ એમ્પી.કરતાં વધારે લોડ હોવાથી વર્ષ-૨૦૧૭-૧૮ માં પ્રોજેકટ એનએમ.-૨૧૫૦૧૯ મંજૂર થતાં કોયલી ફીડરનું વિભાજન કરી નવું ફિડર શોભાવડી ચાલુ કરવામાં આવેલ છે.

૩.૨ અકસ્માત નિવારણ માટે ફીડર વિભાજન દરમ્યાન ૧૧ કેવી ફીડરનું ક્રોસિંગ કે હયાત એલ.ટી. કે ૧૧ કેવી લાઇનનો પાવર એક બીજા ફીડર નજીક માં ન આવે તે ખાસ પ્રોજેકટમાં કામગીરી સામેલ કરવામાં આવતી હોય છે.કામગીરી દરમ્યાન સદર બાબતોની તકેદારી તેમજ જવાબદારીઓ નક્કી કરવા માં આવે છે.

૩.૩ વલ્લભભાઇ ભગવાનજીભાઇ ત્રાંબડિયાં ગ્રાહક નં.૮૮૭૧૦/૦૦૬૦૩/૬ 7.5 HP. નું ખેતીવાડી વીજ જોડાણ ખુબજ જૂનું તેમજ કોયલી ફીડર ના ટ્રાન્સફોર્મર પરથી હયાત હતું.જેની એલ.ટી.લાઇન અંદાજે છ પોલ થી હયાત સદર જોડાણ ભોવનભાઇ ગોરધનભાઈ ઘોડાસરાના ટી.સી. સુધી આવે છે.અને તે એલ.ટી. પોલ પર થી વીજ જોડાણ સામેલ હતું.

૩.૪ વર્ષ-૨૦૧૭-૧૮ માં ફીડર વિભાજન કામગીરી દરમ્યાન અકસ્માત નિવારવા માટે ભોવનભાઇ ગોરધનભાઈ ઘોડાસરા વાળું ૧૦ KVA-૧૬ KVAનું ટી.સી. પ્રોજેકટ-૨૦૪૩૨૪ તા.૧૭.૦૧.૨૦૧૮ મજનૂર કરી ટ્રાન્સફોર્મર બદલી વલ્લભભાઇ ભગવાનજીભાઇ ત્રાંબડિયાંનું ખેતીવાડી જોડાણ બાજુના જ થાંભલાપર આવેલ હોય જેથી ૧૧ કેવી કોયલી વાળા ટી.સી. માથી છે.પોલ ડીસ મેન્ટાલિંગ કરી સદર મોટું કરાવેલ ટી.સી. અંદાજે ૨૦ મીટર સર્વિસથી વીજ જોડાણ ને રેકટિફિકેશન કરવામાં આવેલ જેથી ભવિષ્યમાં બે-પાવર ભેગા ન થાય તથા કર્મચારીઓ કે અન્ય વ્યક્તિને અકસ્માત નિવારી શકાય.

૩.૫ આમ ઉપરોક્ત ગ્રાહક ની વાંધા અરજી જેતે વખતે પેટા વિભાગીય કચેરી ના નાયબ ઇજનેર દ્વારા માન્ય રાખવામા આવેલ નથી. થતાં અકસ્માત નિવારવા માટે તેમજ બિન-જરૂરી એલ.ટી. લાઇન નિવારણમાટે કંપની હિતમાં સદર કામગીરી કરવામાં આવેલ છે.જેથી અમારી અરજ છે કે,અરજદાર ગ્રાહક દ્વારા કરાવેલ રજૂઆત વળી અરજી રદ કરવા વિનતી છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખીત-મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી ઘોડાસરા ભોવાનભાઇ ગોરધનભાઈ ના નામ થી ગ્રા.નં. ૮૮૭૧૦/૦૧૩૮૦/૬ થી ૫.૦ H.P. ખેતીવાડી વીજ જોડાણ તા.૧૦.૧૦.૨૦૧૬ ના ૧૦ KVA નું ટી.સી. ૧૧ કે.વી.કોયલી ફિડર માથી વીજ પુરવઠો આપવામાં આવેલ છે.

૪.૨ સામાંવાળા કાર્યપાલક ઈજનેરશ્રી પીજીવીસીએલ જુનાગઢ-૨ના કોયલી ફીડર માંથી વર્ષ ૨૦૧૭-૧૮ માં ફીડર વિભાજન કામગીરી દરમ્યાન અકસ્માત નિવારવા માટે અરજદાર શ્રી ભોવનભાઇ ગોરધનભાઈ ઘોડાસરા વાળું ૧૦ KVA નું ૧૬ KVA ટી.સી. પ્રોજેકટ-૨૦૪૩૨૪ તા.૧૭.૦૧.૨૦૧૮ થી મંજૂર કરી ટ્રાન્સફોર્મર બદલી શ્રી વલ્લભભાઇ ભગવાનજીભાઇ ત્રાંબડિયાંનું ખેતીવાડી જોડાણ બાજુના જ થાંભલાપર આવેલ હોય જેથી ૧૧ કેવી કોયલી વાળા ટી.સી. માથી છે.પોલ ડીસ મેન્ટાલિંગ કરી સદર મોટું કરાવેલ ટી.સી. અંદાજે ૨૦ મીટર સર્વિસથી વીજ જોડાણ ને રેકટિફિકેશન કરવામાં આવેલ જેથી ભવિષ્યમાં બે-પાવર ભેગા ન થાય તથા કર્મચારીઓ કે અન્ય વ્યક્તિને થતો અકસ્માત નિવારી શકાય. વધુમાં અરજદાર શ્રી નો અકસ્માત માટે તથા ટી.સી. રીપેર વખતે મુશ્કેલી પડી શકે જે ભય કાલ્પનિક અને અનુમાન વાળો હોય તો તે માન્ય રાખી શકાય નહીં.

૪.૩ સદર કેસ માં ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે, કે અકસ્માત નિવારવા માટે તેમજ બિન-જરૂરી એલ.ટી. લાઇન નિવારણમાટે સદર કામગીરી કરવામાં આવેલ હોય.અરજદારશ્રી ની રજૂઆત વાળી અરજી માન્ય રાખી શકાય તેમનં હોય અરજી રદ કરવામાં આવે છે.

.

| | | |
|---|---|---|
| શ્રીમતી નીતીનાબેન એચ. જોશી | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯